# ૧૧ માસના કરાર પદ્ધતિથી ભરતી કરવા બાબત

જિલ્લા પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ અંતર્ગત નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારિત ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૦૫/૦૬/૨૦૨૩ થી તા. ૧૧/૦૬/૨૦૨૩ સુધીમાં સાંજના ૦૬:૦૦ કલાક સુધી આરોગ્યસાથી સોફ્ટવેરની લિંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત ઉંમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | જગ્યાની સંખ્યા | પગાર પ્રતિ માસ (રૂા.) (ફિક્સ) |
|---|---|---|---|---|
| ૧ | નેશનલ હેલ્થ મિશન અંતર્ગત આયુષ તબીબ (પ્રા.આ.કે. કક્ષાએ) માત્ર હોમિયોપેથિક | (૧) બેચલર ઓફ હોમિયોપેથી. (૨) ગુજરાત કાઉન્સીલ બોર્ડમાં રજીસ્ટેશન ફરજીયાત હોવુ જોઇએ. (૩) ઇંટર્નશીપ પૂર્ણ કરેલ હોવી જોઇએ. તેમજ કાઉન્સીલ બોર્ડમાં રજીસ્ટેશન હાલની સ્થિતીએ ચાલું હોવું જોઇએ. ધોરણ-૧૨ ની સાયન્સની માર્કશીટ તેમજ ડીગ્રીની તમામ માર્કશીટ (પાસ અને ના પાસ તમામ) અપલોડ કરવાની રહેશે. (વય મર્યાદા ૪૦ વર્ષ) | ૦૧ | રૂ. ૨૫,૦૦૦/- |
| ૨ | રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આયુષ તબીબ (પુરુષ/સ્ત્રી) (તાલુકા કક્ષાએ) | (૧) બેચલર ઓફ હોમિયોપેથી/આયુર્વેદિક, (૨) ગુજરાત કાઉન્સીલ રજીસ્ટ્રેશન ફરજીયાત હોવું જોઇએ. (૩) ઇન્ટરશીપ પૂર્ણ કરેલ હોવી જોઇએ તેમજ કાઉન્સીલ બોર્ડમાં રજીસ્ટ્રેશન હાલની સ્થીતિએ ચાલુ હોવું જોઇએ. ધોરણ-૧૨ ની સાયન્સની માર્કશીટ તેમજ ડીગ્રીની તમામ માર્કશીટ (પાસ અને ના પાસ તમામ) અપલોડ કરવાની રહેશે. (વય મર્યાદા વધુમાં વધુ ૪૦ વર્ષ) | ૦૨ | રૂ. ૨૫,૦૦૦/- |
| ૩ | રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ફાર્માસીસ્ટ (તાલુકા કક્ષાએ) | (૧) સરકાર માન્ય યુનિવર્સીટીમાંથી ડીગ્રી અથવા ડિપ્લોમાં ફાર્માસી કોર્ષ કરેલ હોવો જોઇએ. (૨) ફાર્મસી કાઉન્સીલ ઓફ ગુજરાતમાં રજીસ્ટ્રેશન ફરજીયાત કરેલ હોવું જોઇએ. ધોરણ-૧૨ ની સાયન્સની માર્કશીટ તેમજ ડીગ્રીની તમામ માર્કશીટ (પાસ અને ના પાસ તમામ) અપલોડ કરવાની રહેશે. (વય મર્યાદા ૪૦ વર્ષ) | ૦૭ | રૂ. ૧૩,૦૦૦/- |
| ૪ | નેશનલ અર્બન હેલ્થ મિશન અંતર્ગત ફાર્માસીસ્ટ (યુપીએચસી ખાતે) | શૈક્ષણિક લાયકાતઃ ડીગ્રી અથવા ડીપ્લોમાં સરકાર માન્ય સંસ્થામાંથી કરેલ હોવું જોઇએ અને તેઓનું રજીસ્ટ્રેશન ગુજરાત ફાર્માસીસ્ટ કાઉન્સીલમાં હોવું જોઇએ. જેઓએ હોસ્પિટલ/ડિસ્પેન્સરીમાં ફાર્માસીના કામગીરીનો અનુભવ ધરાવતા હશે, તેઓને પ્રાથમિકતા આપવામાં આવશે. વધારાની લાયકાત તરીકે કોમ્પ્યુટરની જાણકારી હોવી જોઇએ. ધોરણ-૧૨ ની સાયન્સની માર્કશીટ તેમજ ડીગ્રીની તમામ માર્કશીટ (પાસ અને ના પાસ તમામ) અપલોડ કરવાની રહેશે. ( ઉંમરઃ ૫૮ વર્ષ સુધી)<br>• ઉપરોકત લાયકાત ધરાવતી નિવૃત વ્યકિતઓ શારિરીક રીતે યોગ્ય હોય તો ૬૨ વર્ષની મર્યાદા સાથે અરજી કરી શકે છે. | ૦૧ | રૂા.૧૩,૦૦૦/- |
| ૫ | નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ફાર્માસીસ્ટ (જિલ્લા કક્ષાએ) | શૈક્ષણિક લાયકાતઃ ડીગ્રી અથવા ડીપ્લોમાં સરકાર માન્ય સંસ્થામાંથી કરેલ હોવું જોઇએ અને તેઓનું રજીસ્ટ્રેશન ગુજરાત ફાર્માસીસ્ટ કાઉન્સીલમાં હોવું જોઇએ. જેઓએ હોસ્પિટલ/ડીસ્પેન્સરીમાં ફાર્માસીના કામગીરીનો અનુભવ ધરાવતા હશે, તેઓને પ્રાથમિકતા આપવામાં આવશે. વધારાની લાયકાત તરીકે કોમ્પ્યુટરની જાણકારી હોવી જોઇએ. ઉંમરઃ ૫૮ વર્ષ સુધી<br>• ઉપરોકત લાયકાત ધરાવતી નિવૃત વ્યકિતઓ શારિરીક રીતે યોગ્ય હોય તો ૬૨ વર્ષની મર્યાદા સાથે અરજી કરી શકે છે. | ૦૧ | રૂા.૧૩,૦૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | નેશનલ હેલ્થ મિશન અંતર્ગત સ્ટાફ નર્સ/બ્રધર્સ (૨૪X૭ પ્રા.આ.કે. કક્ષાએ) | (૧) સરકાર માન્ય સંસ્થાનું બી.એસ.સી. ડીગ્રી ઇન નર્સીંગ અથવા ડીપ્લોમાં ઇન જી.એન.એમ. નો કોર્ષ કરેલ હોવો જોઇએ. (૨) નર્સીંગ કાઉન્સીલીંગનું રજીસ્ટ્રેશન ફરજીયાત હોવું જોઇએ. (વય મર્યાદા વધુમાં વધુ ૪૫ વર્ષ) | ૦૨ | રૂ. ૧૩,૦૦૦/- |
| ૭ | જિલ્લા પ્રોગ્રામ આસીસટન્ટ- DPMCC Cell | કોઇપણ વિદ્યાશાખાના સ્નાતકની પદવી અને ડિપ્લોમાં/સર્ટીફીકેટ કોર્ષ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન તથા ગુજરાતી અને અંગ્રેજી ટાઇપની જાણકારી. ઓછામાં ઓછો ૦૨ વર્ષ સંલગ્ન અનુભવ હોવો જોઇએ. | ૦૧ | રૂ. ૧૩,૦૦૦/- |

## શરતો અને નિયમ:

**સદર ઉકત લાગૂ પડતી કેડર માટે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અને ધોરણ-૧૨ ની પાસ કે ના પાસ ની તમામ માર્કશીટ અપલોડ કરવાની રહેશે.**

૧. આ જગ્યાઓ ફક્ત ૧૧ માસ કરાર આધારિત છે. ૧૧ માસ બાદ કરાર આધારિત જગ્યાઓનો આપોઆપ અંત આવશે. કાયમી નોકરી માટેનો હક્કદાવો કરી શકશે નહી.

૨. ઉમેદવારની ફક્ત ઓનલાઈન લિંક https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજીઓ જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/ ટપાલ/ કુરીયર થી મળેલ કે અધૂરી વિગતો વાળી અરજી અમાન્ય ગણાશે.

૩. જાહેરાતમાં દર્શાવેલ લાયકાત મુજબના તમામ સાધનિક કાગળો અપલોડ કરવાના રહેશે. અધૂરી માહિતી કે ક્ષતીવાળી અરજીઓ માન્ય ગણવામાં આવશે નહી.

૪. સુવાચ્ય અસલ પ્રમાણપત્રની ફોટોકોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે.

૫. રસ ધરાવતાં ઉમેદવારો એ તા. ૦૫/૦૬/૨૦૨૩ થી તા. ૧૧/૦૬/૨૦૨૩ સાંજે ૦૬:૦૦ કલાક સુધી ઉપર જણાવેલ લીંકમાં અરજી કરવાની રહેશે.

૬. વય મર્યાદા માટે જાહેરાત માં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે. એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ તા.૧૧/૦૬/૨૦૨૩ ની સ્થિતીને ધ્યાને લેવામાં આવશે.

30/5/23

સભ્ય સચિવ
જીલ્લા આરોગ્ય સોસાયટી અને
મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી
જીલ્લા પંચાયત ગાંધીનગર

# જિલ્લા પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગર

## જાહેરાત

## ૧૧ માસના કરાર આધારિત ભરતી

જિલ્લા પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, જિલ્લા આરોગ્ય સોસાયટી, ગાંધીનગર ખાતે ગુજરાત નેશનલ હેલ્થ મિશન અંતર્ગત નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારિત કરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે જણાવ્યા મુજબની તા. ૦૫/૦૬/૨૦૨૩ થી તા. ૧૧/૦૬/૨૦૨૩ સુધીમાં સાંજના ૦૬:૦૦ કલાક સુધી આરોગ્યસાથી સોફ્ટવેરની લિંક **https://arogyasathi.gujarat.gov.in** પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

| જગ્યાનું નામ | જગ્યાની સખ્યા |
|---|---|
| નેશનલ હેલ્થ મિશન અંતર્ગત આયુષ તબીબ (પ્રા.આ.કે. કક્ષાએ) માત્ર હોમિયોપેથિક | ૦૧ |
| રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આયુષ તબીબ (પુરુષ/સ્ત્રી) (તાલુકા કક્ષાએ) | ૦૨ |
| રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ફાર્માસીસ્ટ (તાલુકા કક્ષાએ) | ૦૭ |
| નેશનલ અર્બન હેલ્થ મિશન અંતર્ગત ફાર્માસીસ્ટ (યુપીએચસી ખાતે) | ૦૧ |
| નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ફાર્માસીસ્ટ (જિલ્લા કક્ષાએ) | ૦૧ |
| નેશનલ હેલ્થ મિશન અંતર્ગત સ્ટાફ નર્સ/બ્રધર્સ (૨૪x૭ પ્રા.આ.કે. કક્ષાએ) | ૦૨ |
| જિલ્લા પ્રોગ્રામ આસીસટન્ટ– DPMCC Cell | ૦૧ |

ઉમેદવારની ફક્ત ઓનલાઈન લિંક https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજીઓ જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/ ટપાલ/ કુરીયર થી મળેલ કે અધૂરી વિગતો વાળી અરજી અમાન્ય ગણાશે.

સભ્ય સચિવ
જીલ્લા આરોગ્ય સોસાયટી અને
મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી
જીલ્લા પંચાયત ગાંધીનગર